# ભાજપમાં હાર્દિકને 'હાર્દિક' આવકાર

## યુવા નેતા હાર્દિક પટેલનો ભાજપમાં દબદબાભેર પ્રવેશ : કમલમ પહોંચતા પહેલાં યુવા નેતાનું શક્તિ પ્રદર્શન : હાર્દિકના સ્વાગત માટે ઠેર-ઠેર પોસ્ટર્સ લાગ્યા, રાષ્ટ્રદ્રોહના કેસનો સામનો કરી રહેલા નેતાને રાષ્ટ્રપ્રેમી ગણાવાયો

અમદાવાદ, તા.૨

૨૮ વર્ષના યુવા નેતા હાર્દિક પટેલે ભાજપમાં જોડાતા પહેલા જ ખુશી વ્યક્ત કરતા રાષ્ટ્ર સેવાના ભગીરથ કાર્યમાં નાનો સિપાહી બનીને કામ કરીશ તેમ જણાવ્યું છે, આ સાથે હાર્દિકે દરેક સમાજ કે રાજકીય જીવનની અંદર દરેક વ્યક્તિનો એક ઉદ્દેશ્ય હોય છે કે રાષ્ટ્રની સેવા થાય.. પ્રદેશની સેવા થાય.. જનતાની સેવા થાય.. સમાજની સેવા થાય.. આ ચારેય મુદ્દા સાથે આજે એક નવા અધ્યાયની શરુઆત કરવા જઈ રહ્યો છું. હાર્દિકે પટેલે ભાજપમાં જોડાતા પહેલા એસજીવીપીમાં સાધુ સંતોના આશિર્વાદ લીધા હતા. અને આ પછી રોડ-શો દ્વારા શક્તિ પ્રદર્શન પણ કર્યું છે. હાર્દિક પટેલે ભાજપમાં જોડાતા પહેલા કમલમ પહોંચવા માટે જોરદાર શક્તિ પ્રદર્શન પણ કર્યું છે. જેમાં મોટી સંખ્યામાં હાર્દિકના તથા ભાજપના સમર્થકો જોડાયા છે.

હાર્દિકે ટ્વીટ કરીને વડાપ્રધાન મોદીના કામની પ્રશંસા કરી અને મીડિયા સમક્ષ આવીને પણ જણાવ્યું કે, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચાલી રહેલા રાષ્ટ્રસેવાના ભગીરથ કાર્યમાં રામસેતુની ખિસકોલી બનીને આ સેવામાં સહયોગ આપવાનો પ્રયાસ કરીશું. હાર્દિકે જણાવ્યું કે, કોંગ્રેસ અને અન્ય પક્ષના નારાજ નેતાઓને ભાજપમાં લાવીશ અને કોંગ્રેસથી નારાજ એમએલએ, જિલ્લા પ્રમુખો, નગરસેવોકો ભાજપમાં જોડાશે.

હાર્દિક પટેલના સ્વાગત માટે કમલમથી ગાંધીનગર તરફ અને અમદાવાદ તરફ જતા રોડ પર પોસ્ટર્સ લગાવવામાં આવ્યા હતા. એક સમયે હાર્દિક સામે સરકારે દેશદ્રોહનો કેસ દાખલ કર્યો હતો જ્યારે આજે હાર્દિકના જે પોસ્ટર્સ લગાવવામાં આવ્યા છે તેમાં તેમને રાષ્ટ્રપ્રેમી યુવા નેતા ગણાવવામાં આવ્યા છે. એક અન્ય પોસ્ટરમાં હાર્દિકને યુવા હૃદય સમ્રાટ ગણાવ્યા છે.

આંદોલનથી જન્મેલા હાર્દિક પટેલે કોંગ્રેસ સાથે જોડાઈને રાજકારણની શરુઆત કરી હતી. પરંતુ સમય જતા કોંગ્રેસમાં જે ઉદ્દેશ્ય સાથે હાર્દિક પટેલ જોડાયા હતા તે પૂર્ણ ના થતા તેમણે રાજીનામું આપ્યું હતું. હાર્દિકે રાજીનામું આપવાની સાથે કોંગ્રેસમાં ચાલતા ડખા અને હાઈકમાન્ડ સુધી ગુજરાતની વાત પહોંચાડવામાં આવતી ના હોવાના મોટા ખુલાસા કર્યા હતા.

હાર્દિક પટેલની ભાજપમાં એન્ટ્રી માટે અહીં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ અને હાર્દિકના સમર્થકો ઉમટી રહ્યા છે. બસોમાં કાર્યકર્તાઓને ભરીને કમલમ ખાતે લાવવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસના પૂર્વ મહિલા યુવા નેતા શ્વેતા બ્રહ્મભટ્ટે કેસરિયા કરી લીધા છે. તેઓ વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા છે. આમ આજે ભાજપમાં આવીને બે યુવાન નેતા પોતાની નવી ઈનિંગ્સ શરુ કરી રહ્યા છે. શ્વેતાએ પણ કોંગ્રેસ પ્રત્યે પોતાનો અણગમો પ્રગટ કર્યો હતો અને વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત બાદ તેમના પર થયેલી ટિપ્પણી અંગે નિંદા વ્યક્ત કરી હતી.



### ભાજપમાં જોડાવા સાથે જ હાર્દિક પટેલ કટ ટૂ સાઈઝ

**ખેસ પહેરાવી સીઆર પાટીલે ચાલતી પકડી**

ગાંધીનગર, તા.૨

ભાજપમાં જોડાયા બાદ હાર્દિક પટેલના રાજકીય જીવનનું બીજું પ્રકરણ શરુ થશે કે પછી તેનું સમાપન થઈ જશે તે સવાલ હાલ સૌ કોઈને થઈ રહ્યો છે. હાર્દિકે પોતે પણ દાવો કર્યો હતો કે તેની સાથે મોટી સંખ્યામાં તેના સમર્થકો પણ ભાજપમાં જોડાઈ રહ્યા છે. જોકે, આજે હાર્દિકે કમલમમાં એન્ટ્રી મારી ત્યારે તેની સાથે તેના દાવા જેટલા સમર્થકો જોવા નહોતા મળ્યા. એટલું જ નહીં, હાર્દિકના ભાજપ પ્રવેશ દરમિયાન કોઈ કેન્દ્રિય નેતા પણ હાજર નહોતા રહ્યા. અગાઉ એવી ચર્ચા હતી કે સીએમ અને સીએમ હાર્દિકને કેસરિયો ખેસ પહેરાવશે, પરંતુ આજના કાર્યક્રમમાં તો સીએમ પણ નહોતા આવ્યા.

કમલમમાં ભાજપના સૌથી વરિષ્ઠ કહી શકાય તેવા માત્ર સીઆર પાટીલ અને નીતિન પટેલ જેવા નેતા જ હાર્દિકના ભાજપમાં પ્રવેશ વખતે હાજર રહ્યા હતા. આ બંને નેતાઓએ હાર્દિકને પક્ષની ટોપી અને ખેસ પહેરાવ્યા હતા. માંડ દસેક મિનિટ ચાલેલા કાર્યક્રમમાં હાર્દિકને કેસરિયો ખેસ પહેરાવ્યા બાદ સીઆર અને નીતિન પટેલ કમલમ પરથી નીકળી ગયા હતા.

### કોંગ્રેસમાંથી કોઈ ભાજપમાં નહીં જોડાય : લલિત વસોયા

અમદાવાદ, તા.૨

આંદોલનમાંથી જન્મેલા ૨૮ વર્ષના યુવા નેતા હાર્દિક પટેલે અનામત આંદોલન પછી કોંગ્રેસમાં જોડાઈને પોતાની રાજકીય કારકિર્દીની શરુઆત કરી હતી. જોકે, કોંગ્રેસમાં પોતાની સાથે થતા અન્યાય અને તેને ભાવ આપવામાં ના આવતો હોવાથી તેણે રાજીનામું આપીને ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો. કમલમ ખાતે ગુજરાત ભાજપના અધ્યક્ષ સીઆર પાટીલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની હાજરીમાં ભાજપમાં જોડાયા બાદ હાર્દિકે વિરોધી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓને ભાજપમાં જોડાવા માટે ખુલ્લું આમંત્રણ આપી દીધું હતું. આ આમંત્રણ અને કોંગ્રેસ સામેના વિરોધને જોતા ધોરાજીના ધારાસભ્ય લલિત વસોયાએ હાર્દિક હવામાં ગોળીબાર કરે છે તેમ હાર્દિક પટેલની વાતોને ફગાવી હતી.

---

## આજથી ગાંધીનગર ખાતે નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેક્ટની પ્રગતિ સમીક્ષા બેઠક આરંભાશે

ગાંધીનગર, તા. ૨

સમગ્ર ભારતમાં વર્લ્ડ બેંક સહાયિત સેન્ટ્રલ સેક્ટર સ્કીમ 'નેશનલ હાઈડ્રોલૉજી પ્રોજેક્ટ' (NHP) જળ સંસાધન વિભાગ, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગ (OWR, RD અને GR) દ્વારા અમલમાં મુકવામાં આવી છે, જેની કામગીરીની પ્રગતિ સમીક્ષા અંગે તા. ૩-૪ જૂન, ૨૦૨૨ના રોજ બે દિવસીય બેઠક ગિફ્ટ સિટી ક્લબ, ગાંધીનગર ખાતે યોજાશે. આ બે દિવસીય બેઠકનો હેતુ અમલીકરણ એજન્સીઓને આગળની કામગીરીઓને ઝડપી બનાવવામાં મદદ કરવાનો છે, જેથી ઝડપભેર લાભો પ્રાપ્ત થઈ શકે તેમ કાર્યપાલક ઈજનેર, જળસંપત્તિ સંશોધન વિભાગ, અમદાવાદની યાદીમાં જણાવ્યું છે.

પ્રોજેકટના અમલીકરણની પ્રગતિની સમીક્ષા કરવા અને આગળ વધવા જરૂરી સહકાર અને માર્ગદર્શન આપવા માટે દેશમાં વિવિધ સ્થળોએ નિયમિતપણે મિશનનું આયોજીત થાય છે. આ વર્ષે ઉત્તરીય અને પશ્ચિમી રાજ્યોના અમલીકરણ એજન્સીઓની કામગીરીની સમીક્ષા ગાંધીનગર ખાતે થનાર છે. આ મિશનમાં ૧૦ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતી ૧૬ અમલીકરણ એજન્સીઓ ભાગ લઈ રહી છે. જળ સંસાધન વિભાગ, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ સંરક્ષણ વિભાગ (DOWR, RD અને GR)ની ટીમનું નેતૃત્વ સંયુક્ત સચિવ અને પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર સુબોધ યાદવ (IAS) કરી રહ્યા છે, જ્યારે વિશ્વ બેંકની ટીમનું નેતૃત્વ ડૉ. અંજુ ગૌર કરી રહ્યા છે, જેમાં ગુજરાતમાંથી જળ સંસાધન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ભાગ લેશે. મિશન દરમિયાન પ્રગતિની સમીક્ષા ઉપરાંત, અમલીકરણ એજન્સીઓ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવેલી કેટલીક અગત્યની કામગીરીઓનું પ્રેઝેન્ટેશન કરશે, જે રાજ્યોને વધુ સારા જળ સંસાધન વ્યવસ્થાપનમાં મદદ કરશે. વિવિધ કામગીરીઓ જેમ કે રીઅલ ટાઈમ હાઈડ્રો મેટ ડેટા એક્વિઝિશન સિસ્ટમની સ્થાપના, સુપરવાઈઝરી કંટ્રોલ અને ડેટા એક્વિઝિશન સિસ્ટમ, જળ સંસાધનોના આયોજન અને સંચાલન માટે નિર્ણય સહાય પ્રણાલીનો વિકાસ વગેરે, આ બધી પ્રવૃત્તિઓ વિવિધ વિભાગોને વ્યવસ્થાપન, શ્રેષ્ઠ જળ સંસાધન આયોજન અને રોકાણમાંથી મહત્તમ લાભ મેળવવા માટે જરૂરી નિર્ણય લેવામાં મદદ કરશે.

---

## સાબરમત્તી નદી અને અડાલજ કેનાલ પરના બ્રિજને ચાર માર્ગીય કરવામાં આવશે

**બન્ને બ્રિજને સમાંતર નવા બે બ્રિજ તૈયાર કરાશે : આ યોજના પાછળ અંદાજિત રૂ ૭૫ કરોડના ખર્ચનો અંદાજ : ભારત સરકારને દરખાસ્ત મંજરીના અંતે કામ હાથ ધરાશે : બોટલ નેક ટ્રાફિકની સમસ્યાને ડામવા માટે હયાત બ્રિજને સમાંતર નવો બ્રિજ બાંધવો અનિવાર્ય**

ગાંધીનગર તા ૨

અડાલજ નર્મદા કેનાલ તેમજ ચિલોડા નજીક સ્થિત સાબરમત્તી બ્રિજને સમાંતર નવા બે બ્રિજ બાંધવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. બન્ને બ્રિજ હાલ ચાર માર્ગીય છે. જયારે સિક્સલેન માર્ગ પર ચાર માર્ગીય બ્રિજના લીધે ટ્રાફિક જામની સમસ્યા બોટલ નેક સ્થિતિમાં જોવા મળે છે. ભાવિ સંજોગોને ધ્યાને લઇ બ્રિજ અને કેનાલ વિસ્તારમાં ટ્રાફિકની સરળ અવરજવર માટે આ બન્ને ઠેકાણે હયાત બ્રિજની સમાંતર નવા બે બ્રિજ બાંધવામાં આવશે આ માટે હાઇવે ઓથોરિટી કક્ષાએથી ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી છે જેની પાછળ અંદાજિત રૂ ૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે દરખાસ્તને મંજુરી અપાયા બાદ કાર્યયોજના આગળ વધારાશે

ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી હાલ સિકસલેન કરવાની કામગીરી આખરી તબક્કામાં છે. જયારે આ રૂટમાં અંદાજિત સાત જેટલા ફલાય ઓવર પણ તૈયાર કરાયા છે. આ ઉપરાંત એલિવેટેડ કોરિડોર અને રેલવે બ્રિજનો પણ સમાવેશ થાય છે. વધુમાં વ્હીક્યુલર અન્ડર પાસનુ પણ કામ હાથ ધરાયુ છે. સતત ટ્રાફિકથી ધમધમતા એસ જી હાઇવેના રૂટમાં ફલાય ઓવરના લીધે ક્રોસ જંકશન પર ટ્રાફિક જામની સમસ્યાનો પણ હવે અંત આવ્યો છે. જો કે આ પ્રોજેકટનુ કામ મોટાભાગનુ પુર્ણ થયુ છે જયારે બાકી કામ પણ આગામી ડિસેમ્બર મહીના સુધીમાં પુર્ણ કરી દેવાશે. ૪૪ કી મીના આ માર્ગનુ કામ પુર્ણતાના આરે છે છેલ્લા એક દાયકામાં ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતા ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. વાહનોની સંખ્યા વધે તે મુજબ ટ્રાફિકનુ પ્રમાણ પણ વધ્યુ છે. જેના લીધે ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જો કે માર્ગ મકાન વિભાગ તેમજ નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા તબક્કાવાર માર્ગોને અપગ્રેડ કરવા માટે કામ શરૂ કરી દેતા આગામી દિવસોમાં ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા થોડી હળવી થશે. જિલ્લાને જોડતા વિવિધ માર્ગોનુ પણ વાઇડનીંગ કરવામાં આવી રહ્યુ છે.

જયારે તબક્કાવાર માર્ગોના વાઇડનીંગ તેમજ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવતા ટુંકમાં જ રસ્તાઓની કાયાપલટ થઇ જશે જેમાં ફાટક મુક્ત ગુજરાતના અભિયાન અન્વયે પણ ફાટક પર બ્રિજ તૈયાર કરવાની યોજના અમલી બનાવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં પણ ફાટકને અનુલક્ષી વિવિધ પાંચ ઠેકાણે બ્રિજ તૈયાર કરવામાં આવનાર છે. જેના લીધે આગામી દિવસોમાં બોટલ નેક ટ્રાફિકની જટીલ સમસ્યાનો અંત આવશે તેવી જ રીતે ગાંધીનગર નજીક સાબરમત્તી તેમજ નર્મદા કેનાલ પર બ્રિજને પણ ચાર માર્ગીય કરવા માટે આયોજન કરાયુ છે.

નેશનલ હાઇવે ઓથોરિટી કક્ષાએથી આ મામલે ભારત સરકારને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે જે મુજબ ચિલોડા સરખેજ વચ્ચે સ્થિત સાબરમત્તી બ્રિજને ચાર માર્ગીય કરવા માટે અંદાજિત રૂ ૫૦ કરોડના ખર્ચને ધ્યાને રાખી દરખાસ્ત કરાઇ છે. આ ઉપરાંત અડાલજ પાસે નર્મદા કેનાલને ધ્યાનમાં રાખી બોટલ નેક ટ્રાફિકની સ્થિતિને નિવારવા માટે બ્રિજને ચાર માર્ગીય કરવા માટે રૂ ૨૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જેમાં બન્ને બ્રિજની સમાંતર અન્ય ચારમાર્ગીય બ્રિજ બનાવાનુ આયોજન છે જેથી ભવિષ્યમાં પણ ટ્રાફિકનુ પ્રમાણ વધતા માર્ગના વાઇડનીંગને અનુલક્ષી નવી સમસ્યા ઉભી થાય નહી તે મુજબ યોજના વિચારવામાં આવી છે. આ મામલે દરખાસ્તને મંજુરી અપાયા બાદ આગામી દિવસોમાં કાર્યયોજનાનુ કામ આગળ વધશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

---

## સેકશન અધિકારી તરીકે બઢતી માટેની પરીક્ષા ઓગસ્ટ-૨૦૨૨ પછી યોજાય તેવી પ્રવર્તી રહેલી માંગ

ગાંધીનગર, તા.૦૨

ગુજરાતમાં નાયબ સેકશન અધિકારીઓની સેકશન અધિકારી જગ્યા પર બઢતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા ઓગસ્ટ-૨૦૨૨ પછી યોજાય તો વધુ સારુ તેવી ઉમેદવારોમાં માંગ પ્રવર્તતી જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગત તા.૧૯મી મે, ૨૦૨૨ના રોજ પરિપત્ર બહાર પાડીને જે નાયબ સેકશન અધિકારીએ તા.૧૫મી મે, ૨૦૨૨ના રોજ નાયબ સેક્શન અધિકારી તરીકે બજાવેલી સેવાના સળંગ પાંચ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા સ્નાતક નાયબ સેક્શન અધિકારીઓના નામ જ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા દિન-૭માં મોકલી આપવા તાકીદ કરી છે જ્યારે વધુ ૩૦૦ જેટલાં ૨૦૧૭ની બેચના નાયબ સેક્શન અધિકારીઓને આ રીતે પણ તેમનો સળંગ સેવાનો સમયગાળો માત્ર અઢી કે ત્રણ મહિના બાદ એટલે કે ઓગસ્ટ-૨૦૨૨માં પુરો થશે જેથી આ ઉમેદવારો પણ સેક્શન અધિકારી માટેની બઢતીની સ્પર્ધાત્મક પરીક્ષામાં સામેલ થઈ શકે તે માટે આ પરીક્ષા તે પછી લેવાય તેવું તેઓ ઈચ્છી રહ્યાં છે.

સેકશન અધિકારી તરીકે બઢતી મેળવવાની પરીક્ષા જો ઓગસ્ટ પહેલાં યોજાય તો માત્ર તા.૧૫મી મે, ૨૦૨૨ સુધીમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા નાયબ સેક્શન અધિકારી ઓર જ આ પરીક્ષા માટે પાત્ર ગણવામાં આવે અને માત્ર અઢી કે ત્રણ માસ જેટલા ટૂંકા ગાળા માટે આશરે ૩૦૦ જેટલા ૨૦૧૭ની બેચના નાયબ સેક્શન અધિકારીઓ આ પરીક્ષાથી વંચિત રહી જાય તેવી શક્યતાઓ છે. અત્યારે સરકારમાં સેક્શન અધિકારી સંપર્કમાં ઉભરાયેલ સંખ્યાબળ ૮૯ ટકા જેટલું છે તે ધ્યાને લેતાં તાત્કાલીક સેમી ડાયરેકટ પરીક્ષા યોજી જગ્યાઓ ભરી માત્ર ત્રણ માસના ટૂંકા સમયગાળા સુધી રાહ જોયા વિના આ ભરતી પરીક્ષાનું આયોજન થાય તો ૩૦૦ જેટલાં નાયબ નાયબ સેક્શન અધિકારીઓને અન્યાય થયો હોવાનું પ્રતિત થશે.

---

## સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર કે.રાજેશના બેંક લોકરમાંથી ૫ કરોડ રોકડા મળી આવ્યા

અમદાવાદ, તા.૨

ગુજરાતના ૨૦૧૧ની બેચના આઈએએસ અધિકારી અને સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર અને રાજ્ય સરકારમાં મહત્વની જવાબદારી ભજવનારા આઈએએસ કે. રાજેશે લાંચ સહિતના ખોટા કામ કરીને સરકારી પદનો દુરોપયોગ કર્યાનું સામે આવ્યું હતું. હવે તપાસ દરમિયાન મોટા ધડાકા થયા છે. સીબીઆઈ દ્વારા કરાઈ રહેલી તપાસમાં સુરેન્દ્રનગરની નેશનલાઈઝ બેંકમાં આવેલા રાજેશના લોકરની તપાસ કરતા તેમાંથી ૫ કરોડ રૂપિયા કેશ અને અન્ય કિંમતી વસ્તુઓ મળી આવ્યા છે. આ કેસ તથા કિંમતી વસ્તુઓ કબજે લઈને વધારે તપાસ કરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે તપાસ એજન્સીએ આ કેસમાં ૩૦ ડિસેમ્બર ૨૦૨૧માં પ્રાથમિક તપાસ શરુ કરી હતી. તેના એક અઠવાડિયા પહેલા રાજેશના સાથી- કે જેઓ મોરબીના એક નેતાના ભત્રીજા પણ છે- તેમણે કેટલાક રૂપિયા આઈએએસ અધિકારીના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. જ્યારે સીબીઆઈ દ્વારા તપાસ શરુ કરવામાં આવી તો ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા હતા અને તેને વહીવટીતંત્રના ખર્ચ તરીકે દર્શાવવામાં આવ્યા હતા અને જેને લોકરમાં મૂકી દેવામાં આવ્યા હતા. આ પછી, લોકરમાંથી રૂપિયા કાઢવામાં આવ્યા નહોતા, આ લોકરમાં કેટલોક કિંમતી સામાન પણ હતો. દિલ્હીના સીબીઆઈના અધિકારીઓએ તપાસ અંગે માહિતી આપી પરંતુ લોકરની અન્ય વસ્તુઓ અંગે ફોળ પાડવામાં આવી નથી.

---

## રાજ્યમાં કોરોનાના નવા ૫૦ કેસ : ૨૫ને ડિસ્ચાર્જ અપાયું

**૨૭ કેસ માત્ર અમદાવાદમાં નોંધાયા**

અમદાવાદ, તા.૨

રાજ્યમાં ફરી એક વાર કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહેલો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આજે ૨જી જૂને કોરોના વાયરસના નવા ૫૦ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજે નોંધાયેલા નવા કેસમાંથી અડધા જેટલા એટલે કે ૨૭ કેસ માત્ર અમદાવાદમાં નોંધાયા છે. ગઈકાલે ૧ જૂને રાજ્યના ૪૫ નવા કેસ નોંધાયા હતા, જેમાંથી ૩૪ કેસ અમદાવાદના હતા.

રાજ્યમાં આજે વડોદરા શહેરમાં ૭, ગાંધીનગર, જામનગર શહેર, સાબરકાંઠા, સુરત શહેર અને વલસાડમાં ૨-૨ કેસ નોંધાયા છે. તો ભાવનગર શહેર, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર શહેર, નવસારી અને રાજકોટ શહેરમાં કોરોના વાયરસનો ૧-૧ કેસ નોંધાયો છે. રાજ્યમાં આજે કુલ ૨૫ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૫૪ છે.

---

### કોરોનાના કેસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફર્યા હતા અને તેમને તાવ તેમજ અન્ય લક્ષણો જણાતાં તપાસ કરાવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને મહિલા દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધેલા છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને ધ્યાને લઈ તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટેની જરૂરી સૂચનાઓ આપી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ બે કેસ સહિત કુલ ૩ કેસ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ ૫૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

### ભારે વાહનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સતત રેતીનુ ઢોળાણ થતુ રહે છે જેના લીધે માર્ગો પરથી પસાર થતા વાહનોના લીધે રસ્તાને નુકશાન થાય છે તો ક્યારેક માર્ગ સલામતી જોખમાતા અકસ્માત સર્જાય છે. આવા સંજોગોમાં વરસાદી પાણી પણ ટપકતા માર્ગોનુ અસ્તિત્વ ભુંસાઈ જાય છે. જયારે રેતીનુ પરિવહન કરતા વાહનો માટે રેતીના વાહનને ઢાંકવાનુ પણ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ હતુ પરંતુ તે વાતનો પણ અમલ થતો નથી. જેના લીધે શહેર તેમજ જિલ્લામાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા વિવિધ માર્ગો ટુંકા ગાળામાં જ ઉબડ ખાબડ સ્થિતિમાં આવી જાય છે. જેના લીધે પણ માર્ગ સલામતી જોખમાઇ છે બીજીતરફ માર્ગોના અસ્તિત્વ સામે પણ સવાલો મંડરાય છે. આમ પણ વરસાદી દિવસોમાં માર્ગોની હાલત વધુ ખરાબ થઈ જાય છે. ડામર અને પાણીને આડવેર હોવાના લીધે વધારે વરસાદના સંજોગોમાં કે પાણીના સતત ભરાવાથી માર્ગો પર ખાડા ટેકરા અસ્તિત્વમાં આવે છે. ત્યારે બીજીતરફ બિન્દાસ્ત રીતે ખુલ્લી ટ્રોલીમાં રેતી ભરીને જતા ભારે વાહનો પણ રસ્તા અને માર્ગ સલામતી માટે અત્યંત જોખમી પુરવાર થઈ રહ્યા છે. જેની સામે યોગ્ય પગલા લેવાય અને નિયમનુ પાલન થાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### કુપોષિત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનગી અને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે રૂ. ૮૦ હજારની સહાય આપે છે. સગર્ભા મહિલાને પણ પોષણક્ષમ ખોરાક માટે ૫૦૦૦ રૂપિયા સહાય પેટે આપે છે તેવુ આરોગ્ય વિભાગનું કહેવું છે.

સરકાર દ્વારા બાળકોને કુપોષણની બીમારીથી બચાવવા માટે કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના ૧૦૬૨ કેન્દ્રોમાંથી ૭૫૧ અતિકુપોતિ અને ૩૫૬૩ બાલકો કુપોષિત જન્મ્યા છે. જવાબદારતંત્રની ક્યાંક ઉણપને લઈ ગાંધીનગર જિલ્લામાં કુપોષણનું દુષણ ટળવાનું નામ લેતું નથી.

### આતંકી હત્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિક્ષિકાની આતંકવાદીઓએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. બીજી તરફ બેંક મેનેજર વિજય કુમારની હત્યા બાદ સુરક્ષાકર્મી એલર્ટ થઈ ગયા છે. આખા વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને હુમલાખોરોની શોધ શરૂ કરી દેવામાં આવી છે. આ મહીનામાં ઘાટીમાં આતંકવાદીઓના નિશાન પર સામાન્ય નાગરિકો છે તેના કારણે સરકાર પણ ચિંતિત છે.

### 'પીએમ શ્રી'

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિક્ષણ, શાળાનું ભણતર અને કુશળતાનો સંયોગ જેવી ચીજોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આગામી ૨૫ વર્ષ ભારતને જ્ઞાન આધારિત અર્થતંત્ર માટે તૈયાર કરવા માટે મહત્વના સાબિત થશે એવું મંત્રીએ જણાવ્યું હતું.

### હળવે હૈયે

● અનુસંધાન ચોથાનું ચાલુ...

'હા એટલે જ કહે છે કે પરણ્યા એટલે પતી ગયા!!' દરજીભાઈએ ફટ દઈને વચ્ચે 'કટ' માર્યો...

એ જોઈ પટેલભાીને વાતમાં ખુદના અનુભવાધારિત યોગદાન આપવાનું મન થઈ આવ્યું :

'કાકાની વાત સાવ સાચી છે... કુંવારો હોય ત્યાં સુધી પુરુષ પોતાનો હોંશિયાર, આવડત વાળો, ગુણવાન માનતો હોય છે.... પરણ્યા પછી વાઈફ એને વાતવાતમાં 'તમને આ નહીં ફાવે, રહેવા દો...' આ તમારું કામ નહીં.... તમને તો ભાઈ સાવ, કંઈ આવડતું નથી... તમને આમાં ખબર ના પડે...' કહી કહીને પતિનો પેલો 'ભ્રમ' ભાંગી નાખે છે... આમાં ને આમાં મારા એક ફ્રેન્ડે એક દિવસ ગુસ્સામાં કે ફ્રસ્ટેશનમાં આવી જઈ સ્કૂલ - કૉલેજને સર્વિસકાળમાં મળેલાં બધાં પ્રમાણપત્રો ફાડી નાખેલા.... કેમ કે પત્નીનાં પ્રમાણપત્રો સામે એ એને હવે સાવ નક્કામાં લાગેલાં, બોલો...."

'તારી વાત સાચી પટેલ...' પણ ફ્રેન્ડના નામે તેં મારી વાત તો નથી કરી દીધીને ? ' રેડ અંકલે પટેલની મજાક કહી ને ઉમેર્યું : 'ભલભલા નંબરવનને પત્ની 'ફૂલ્લી ફેઈલ' કહી દેતી હોય છે...'

'દાદા... ' કહી સંયમે વાતમાં ઝુકાવ્યું : 'તમારા દાંપત્યજીવનમાં કેવું છે ?' સંયમનો સવાલ સાંભળીને રેડઅંકલે પોતાની ટાલ ઉપર હાથ ફેરવતાં કહ્યું 'આ મારો ટાલ પ્રદેશ જુએ છે ને? એના પરથી સમજી જા કે અમારે તેયાં હું ગમ ખાનારો ને તારી અંકલી - સોરી દાદલી 'સદા મને એના ટપલાં ખાઈ ખાઈને આ ટાલની મને મળી છે. દમ મારનારી મળી છે...'

અંકલની વાત સાંભળી અમે સૌ સાથે બોલ્યા : ' સાવ ખોટું... કાકી તો બિચારા સાવ નરમઘેંસ જેવા છે....'

'એ તો બહારથી તમને એવું લાગે... અંદર કી બાત મૈં જાનું!!' અંકલ ઉવાચ અને પછી અમારા બોલવાની રાહ જોયા વિના આગળ બોલ્યા : 'જવાન , તારે તારા આ ઘૂંઘરાળા વાળ સદા ટકાવી રાખવા હોય તો પત્ની આગળ, ચાલશે, ભાવશે, ફાવશે' નો મંત્ર જાપ જપે રાખવાનો.... અને પેલું ફિલ્મી ગીત છે ને કે 'જો તુમકો હો પસંદ વોહી બાત કરેંગે, તુમ દિન કો કહોગી રાત તો હમ રાત કહેંગે...' ગાતો રહેજે, સમજ્યો ?'

સંયમે શંકા કરી : 'પણ દાદા, સાવ આવી શરણાગતિ સ્વીકારી લેવાની?'

'હા... નહીં તો પછી તારી શી ગતિ હશે ને થશે, એવું જાણે....' કહીને બીજા કોઈ કંઈ પૂછે કે બોલે એ પહેલાં અંકલ બોલ્યા : 'અલ્યા પંચાલ, હાળા હથોડા, ચાલ હવે, આ તારા ભત્રીજાના લગ્નની ખુશાલીમાં નેં મે એને મફતમાં સુખી લગ્નજીવનના લેશન્સ આપ્યા એની ફી પેટે બધાંને શેરડીનો રસ પીવડાવી દે...' કહી અંકલે તો પંચાલના પ્રતિભાવની રાહ જોયા વગર જ શેરડીના સંચા તરફ આગેકૂચ કરવા માંડી....